ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2360/04/2024** **તા.22-04-2024**

## સુરતમા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રી મુકેશભાઇ દલાલ બિનહરિફ વિજેતા જાહેર થતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ તેમને અને સૌ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા.

----

## ભાજપના 400 પારના લક્ષ્યને પ્રાપ્ત કરવા સુરત લોકસભાની બેઠક એ પહેલી જીત છે, આ જીત અમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અર્પણ કરીએ છીએ. - શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, ગુજરાતમા આગામી દિવસોમા લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનુ છે.આજે ચૂંટણીમા ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો. ત્યારે ગુજરાતના ઇતિહાસમા સૌ પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટી બિન હરીફ થઇ છે. આ અંતર્ગત પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સુરત ખાતે પત્રકાર પરિષદ  કરી હતી.

શ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું હતું કે, આજે લોકસભા ચૂંટણીમા ઉમેદવારોએ ફોર્મ પરત ખેચવાનો છેલ્લો દિવસ હતો. ગઇકાલે સુરતમા કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અને ડમી ઉમેદવારના ફોર્મ રદ થયા ત્યારે ભાજપ સહિત અપક્ષના એમ કુલ 9 ઉમેદવારો હતા જેમા આજે 8 ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવારશ્રી મુકેશભાઇ દલાલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, ચૂંટણી પહેલા જે રીતે કોંગ્રેસે ડ્રામા કર્યો અને આક્ષેપ કર્યો તે ઉમેદવારના ટેકેદારોનુ અપહરણ કર્યુ છે પરંતુ ઉમેદવારે પોતે આ વાતનુ ખંડન કર્યુ. કોંગ્રેસે વહિવટી તંત્ર પર ખોટી રીતે દબાણ કરવા પ્રયાસ કર્યો અને મીડિયા દ્વારા ગેર સમજ ઉભી કરવાનો પ્રયાસ કર્યો. આજે ભાજપના ઉમેદવારશ્રી મુકેશભાઇ દલાલ બિનહરીફ જાહેર

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

થયા છે તેમને અને સૌ કાર્યકર્તાઓને અભિનંદન. ભાજપના 400 પારના લક્ષ્યને પ્રાપ્ત કરવા સુરત લોકસભાની બેઠક એ પહેલી જીત છે. આ જીત અમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અર્પણ કરીએ છીએ.અમે વિશ્વાસ સાથે કહીએ છીએ કે ગુજરાતની બાકીની 25 બેઠકો પણ મોદી સાહેબને અર્પણ કરવાના છીએ. ગુજરાતની જનતાનુ ભારતીય જનતા પાર્ટીને ભવ્ય સમર્થન આપી રહી છે અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રત્યે અતૂટ વિશ્વાસ છે. મોદીની ગેરંટી પર જનતાને વિશ્વાસ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમાજમા ભાગલા પાડવા બદલે સૌનો સાથ સૌનો વિકાસ ના સુત્ર સાથે લોકસભા ચૂંટણી લડી રહ્યા છે તેમા જનતા ભવ્ય જીત અપાવશે તેવો વિશ્વાસ છે. ભાજપના જીતેલા ઉમેદવારશ્રી મુકેશભાઇ દલાલ સારો વહિટવટી અનુભવ છે જેનો લાભ સુરતને મળશે તેવી અપેક્ષા છે.



ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)